# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

શહેરીજનોના આરોગ્યની તકેદારીના ભાગરૂપે કોરોનાની દિનપ્રતિદિન વકરતી જતી પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ શહેરમાં કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવવા સુરત મહાનગરપાલિકા ધ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહયા છે. જે શહેરના જે તે ઝોન વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટીઓ, એપાર્ટમેન્ટો કે મહોલ્લામાં જો વધુ પ્રમાણમાં કોરોના વાયરસના સંક્રમિત લોકો હોય એ વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ વધુ ફેલાવવાની શકયતા રહે છે. જેથી સુરત મહાનગરપાલિકા ધ્વારા આવા વિસ્તારને કન્ટેઈનમેન્ટ તથા માઈક્રો કન્ટેઈનમેન્ટ જાહેર કરવામાં આવે છે.

આ વિસ્તારના કેટલાક લોકો હોમ આઈશોલેશનમાં હોવા છતા તેઓ કોવિડ–૧૯ની ગાઈડલાઈનનો ભંગ કરી બિનજરૂરી ઘરની બહાર નિકળે છે જેથી કોરોના વાયરસના સંક્રમણ વધી રહયું છે જે ખૂબજ ગંભીર બાબત છે.આજરોજ સુરત મહાનગરપાલિકાની ટીમ મારફત ચકાસણી કરતા ૩ વ્યકિતઓએ  માઈક્રો કન્ટેઈનમેન્ટમાં હોમ આઈસોલેશનના નિયમનો ભંગ કરેલ જે  બેદરકારી કરનાર વ્યકિતઓ સામે સુરત મહાનગરપાલિકાએ FIR નોંધાવેલ વધુમાં હોમ આઈસોલેશનના નિયમનો ભંગ  કરતા વ્યકિતઓના મોબાઈલ નંબરનું મોબાઈલના ટાવર ઉપરથી ટ્રેસીંગ કરવામાં આવશે અને તેઓ સામે સુરત મહાનગરપાલિકા ધ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવી અને અન્ય કન્ટેઈનમેન્ટ તથા માઈક્રો કન્ટેઈનમેન્ટ વિસ્તારના રહીસોને જણાવવામાં આવે છે કે  હોમ આઈસોલેશનના નિયમનો ભંગ કરવો નહી અને સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈનનું અચૂકપણે પાલન કરી સુરત મહાનગરપાલિકાની કોરોના વાયરસના સંક્રમણને નાબુદ કરવાની ઝુંબેશની લડાઈમાં સહકાર આપવા અપીલ છે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,સમાચાર યાદી નં.૨૯, તા.૦૩/૦૪/૨૦૨૧**